AAT-001-001266 Seat No. ________

**B. A. (Sem. II) (Gujarati) (CBCS) Examination**

**April / May - 2016**

# Guj. Ele. - 4 : Gujarati Vyakaran Sarjan Lekhan Kaushal - II

*(Elective - I)*

**Faculty Code : 001**

**Subject Code : 001266**

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

સૂચના : (૧) વિભાગ–૧માં M.C.Q. પ્રકારના કુલ વીસ પ્રશ્નો છે. દરેકના ગુણ સરખા છે. દરેક પ્રશ્ન ફરજિયાત છે.

(૨) વિભાગ–૨માં કુલ ચાર પ્રશ્નો છે. દરેક પ્રશ્નના ગુણ અલગ–અલગ છે.

## વિભાગ – ૧

૧ નીચે આપેલા બહુવિકલ્પ પ્રશ્નોના સાચા વિકલ્પ જણાવો. (૨૦)

(૧) ગદ્યખંડનું વિવરણ કરતી વખતે નીચેનામાંથી કઈ બાબત ધ્યાનમાં રાખવી જોઈએ ?

(a) પેરેગ્રાફને માત્ર વાંચવો (b) પેરેગ્રાફને વિસ્તૃત સમજાવવો

(c) પેરેગ્રાફનો સાર લખવો (d) પેરેગ્રાફને યોગ્ય શીર્ષક આપવું

(૨) 'પ્રતીજ્ઞા લેવી' અર્થ સાથે નીચેનામાંથી કયો રૂઢિપ્રયોગ બંધ બેસે છે.

(a) પાણી બતાવવું (b) પાણી માપવું

(c) પાણી રાખવું (d) પાણી મૂકવું

(૩) નીચેના માંથી કયો દ્વંદ્વ સમાસ નથી.

(a) પાંચ છ (b) નવરાત્રી

(c) રામસીતા (d) લાભાલાભ

(૪) 'કબૂલ કરાવવું' – અર્થ વ્યકત કરતો નીચેનો બંધ બેસતો રૂઢિ પ્રયોગ છે.

(a) ચોટલી મારવી (b) ચોટલી લઈ જવી

(c) ચોટલી પકડવી (d) ચોટલી હાથમાં આવવી

(૫) 'અધૂરો ઘડો છલકાય' એ નીચેનામાંથી શું ગણાવી શકાય.

(a) કહેવત (b) રૂઢિ પ્રયોગ (c) સારાંશ (d) અલંકાર

(૬) અર્ધવિરામનું ખરું ચિહ્ન શું છે ?

(a) , (b) ; (c) : (d) –

(૭) 'કાગડા બધે જ કાળા' કહેવતનો અર્થ શો થાય છે ?

(a) બધા માણસો અસમાન હોવા (b) ભાતભાતના લોકોનો સમૂહ

(c) એક જ માણસ (d) બધા માણસો સમાન હોવા

(૮) 'ઝાઝા હાથ રળિયામણા' કહેવતની સમાન અર્થ ધરાવતી નીચેનામાંથી કઈ કહેવત છે.

(a) ઝાઝી કીડીઓ સાપને તાણે (b) ઝાઝા મળ્યાને ખાવા ટળ્યા

(c) ઝાઝી સુયાણીએ વેતર વંઠે (d) ઝાઝી ખેતીએ ધણી લથડે

(૯) 'પંચરાત્રિ' કયા સમાસનું ઉદાહરણ છે ?

(a) દ્વંદ્વ (b) મધ્યમપદલોપી

(c) કર્મધારેય (d) દ્વિગુ

(૧૦) મૂળ ગદ્યમાંથી તારવેલા અગત્યના મુદ્દાઓ સંક્ષેપીકરણમાં કઈ રીતે આવવા જોઈએ ?

(a) અસકંલિત રૂપમાં (b) સુસંકલિત રૂપમાં

(c) ખંડિત રૂપમાં (d) ભિન્નભિન્ન રૂપમાં

(૧૧) નીચેનામાંથી કયા શબ્દમાં લોપચિન્હ વપરાયું છે ?

(a) વે'મ (b) 'સંસાર' (c) "ભારત' (d) ભાઈ–બહેન

(૧૨) 'દેવદીધું' – દેવએ દીધેલું – કયો સમાસ છે ?

(a) કર્તા તત્પુરુષ (b) ઉપપદ

(c) બહુવ્રીહિ (d) કર્મધારય

(૧૩) 'ઈદ પછી રોજા – કહેવતનો અર્થ શું થાય છે ?

(a) દુ:ખ પછી રોજા આવે છે (b) ઈદ પછી દુ:ખ આવે છે

(c) સુખ પછી દુ:ખ આવે છે (d) દુ:ખ પછી સુખ આવે છે

(૧૪) ગદ્યખંડના મૂળ વિચારને વિસ્તાર પૂર્વક રજૂ કરવામાં આવે તેને શું કહે છે ?

(a) ગદ્યખંડનું વિવરણ (b) ગદ્યખંડનો સંક્ષેપ

(c) ગદ્યખંડનું સારાંશ (d) ગદ્યખંડનું સારલેખન

(૧૫) નીચેનામાંથી ઉદગાર ચિહ્ન કયું છે ?

(a) ? (b) –

(c) ι (d) !

(૧૬) 'નમે તે સૌને ગમે' – કહેવતનો શું અર્થ થાય છે ?

(a) નમ્રતાવાળો માણસ બધાને પ્રિય બને છે

(b) નમ્રતાવાળો માણસ બધાને અપ્રિય બને છે

(c) નમ્રતાવાળો માણસ બધાને ન ગમે

(d) આ ત્રણેયમાંથી એકેય નહીં

(૧૭) ગદ્યખંડના વિવરણમાં દાખલા–દલીલો કેવાં હોવાં જોઈએ ?

(a) મૂળ વિચારની પુષ્ટિ કરતા
(b) મૂળ વિચારનું ખંડન કરતા
(c) મૂળ વિચારથી વિપરિત
(d) આમાંથી એકેય નહીં

(૧૮) ગુરુ કે મહાવિરામની નિશાની કઈ છે ?

(a) .
(b) :
(c) !
(d) ?

(૧૯) નીચેનામાંથી કયા વિકલ્પમાં લોપચિહ્ન વપરાયું છે ?

(a) '૧૫
(b) 'માનવીની ભવાઈ'
(c) "ગુજરાતનો નાથ"
(d) રાધા–કૃષ્ણ

(૨૦) 'કોણીએ ગોળ લગાડવો' રૂઢિપ્રયોગનો અર્થ શું થાય છે ?

(a) કોણી પર ગોળ લગાડવો
(b) ગોળને કોણીએ ચોટાડવો
(c) છેતરામણી લાલચ આપવી
(d) કોણીને ગોળ લગાવી ગળી કરવી

## વિભાગ – ૨

૨ નીચેના ગદ્યખંડનું વિવરણ કરો : (૧૦)

પ્રતીક એ વાચકને ગૂંચવવા કોઈ બુદ્ધિશાળીએ રચેલો કોયડો નથી. અલબત્ત કવિઓ તેનો એવો ઉપયોગ કરે છે. પ્રતીક સાચા અર્થમાં, કવિના અનુભવ જગત સુધી પહોંચવા માટેના દ્વારની ગરજ સારે છે. પ્રતીક કવિને ઘણીવાર તેની પોતાની ચેતનાના વિસ્તારમાંથી મળે છે, તો કોઈ વાર સાહિત્ય અને સંસ્કૃતિના વારસામાંથી સાંપડે છે.... પ્રત્યેક પ્રતીક પાછળ પણ સામાજિક, સાંસ્કૃતિક અને ઐતિહાસિક પ્રણાલિકા રહેલી છે. પ્રતીક આખરે કવિતાને માટે છે; કવિતા પ્રતીક માટે નથી. જેને શોધવા નીકળવું પડે એ પ્રતીક નથી. જે આપ મેળે ઊગી નીકળે તે પ્રતીક છે.

– હરીન્દ્ર દવે

અથવા

દરેક જમાનાનું સાહિત્ય પોતાના જમાનાની વસ્તુસ્થિતિ રજૂ કરે છે અને તેના સત્યને હૃદયગમ્ય કરે છે. વિવેચન, દેવ આગળ ધરાવેલા દીપની પેઠે સર્જન સાહિત્યનું અર્ચન કરે છે. તેમાં સૌંદર્યને સ્ફૂટ કરે છે, એટલું જ નહિ, તેને જીવતું પણ રાખે છે. વિવેચન એ સાચા જીવતા સાહિત્યનો વાઙ્મય પ્રાણ ધબકાર છે. વિવેચનથી જ સર્જન સાહિત્ય નવે નવે યુગે નવતા ધારણ કરે છે. નવયુગ અભિમુખ થાય છે, નવા યુગને ગ્રાહ્ય થાય છે. સાચું સર્જન અને સાચું વિવેચન ભાવ, ચિંતન અને વિચારોના ભાવ ઝોક પણ બતાવે છે. સર્જન અને વિવેચન પોતાના જમાનાની જીવન ફિલસૂફી ઘડે છે.

– રા. વિ. પાઠક

૩ નીચેના ગદ્યખંડનું સંક્ષેપીકરણ કરો : (૧૦)

લોકતંત્રના અનેક આધારો છે. એ બધામાં જે કોઈ મુખ્ય અને મહત્વનો આધાર હોય તો તે પ્રત્યેક વ્યકિતએ વિશાળ લોકસમુદાયના હિતમાં પોતાના અંગત સ્વાર્થ – લાભ મેળવવાની દષ્ટિને જતી કરવી તે છે. જો આપણે આપણા સમગ્ર ઈતિહાસના વિશાળ ફલકનું ઉડતી નજરે અવલોકન કરીશું તોય એ જણાયા વિના નહીં રહે કે આપણાં દેશમાં સારા–નરસાનો વિચાર કર્યા વિના બીજાના હિતોના ભોગે સ્વાર્થ સાધવાની વૃત્તિએ હંમેશાં સર્વનાશ નોતર્યો છે. આજે પણ આપણે શું જોઈએ છીએ ? નાના મોટા અમલદારો પોતાની જવાબદારી પ્રત્યે બે પરવા છે. જયાં જુઓ ત્યાં ઓછું કામ કરવાની ભાવના છે. કેળવણી પામેલા લોકોમાં પણ બીજાનું હિત વિચારવાની કે સમજવાની વૃત્તિ કયાં દેખાય છે ? આ બધું આખરે આપણે કયાં દોરી જશે ? આપણે ત્યાં લોકોનું રાજ્ય સ્થપાયું છે પણ એને માટેનો મજબૂત પાયો નંખાયો નથી એ વિવાદથી પર એવું સત્ય છે.

– પંડિત સુખલાલજી

અથવા

જીવનમાં સ્વીકારેલાં મૂલ્યોની માવજત કરાવવા સાહિત્ય પાસે જઈએ તો મને લાગે છે કે, અવળો પંથ ગ્રહણ કરવા જેવું છે. સાહિત્ય અને જીવનના સંબંધ પરથી જ આ વસ્તુ સ્ફુટ કરવા પ્રયત્ન કરું. રામનારાયણ પાઠકે જીવન અને સાહિત્યના સંબંધની વાત કરતાં જીવનને વૃક્ષ અને સાહિત્યને વૃક્ષ પરઆવેલા ફૂલ સાથે સરખાવ્યાનું મને યાદ છે. એમાંથી એક વસ્તુ એ ફલિત થાય છે કે જીવનમાં જેવા રસકસ એવું એનું સાહિત્ય. પણ આ સાદશ્ય જરા આગળ લંબાવીને કહું કે એ પણ એટલું જ સાચું કે વૃક્ષમાં પૂરેલા ખાતરની ગંધ અને પુષ્પની ગંધ એકસરખી નહિ પણ તદ્દન ભિન્ન હોય છે.અનેક ક્રિયા–પ્રતિક્રિયાઓમાં એનું પરિવર્તન (transformation) થતું હોય છે. જીવન પર સાહિત્ય આધારિત છે એ વાત સાચી છે પણ એ જીવન જયારે સાહિત્યમાં આવે છે ત્યારે એનું સીધેસીધું પ્રતિબિંબ સાહિત્યમાં આવે છે ત્યારે એનું સીધેસીધું પ્રતિબિંબ સાહિત્યમાં પડતું નથી, પણ આવું પરિવર્તન પામીને એ સાહિત્યમાં આવે છે. સાહિત્યનાં મૂલ્યો, પરિણામે જીવનનાં સ્વીકૃત મૂલ્યોથી ભિન્ન હોય છે.

૪ (અ) નીચેનામાંથી કોઈપણ ચાર રૂઢિ પ્રયોગના અર્થ આપી વાકયમાં પ્રયોગ કરો : (૦૮)

(૧) દેવ જાગી જવા
(૨) અક્કલ વેચવી
(૩) આંખ મળી જવી
(૪) ભીંત ભૂલવી
(૫) જીવ મોટો હોવો
(૬) જીવ હેઠે બેસવો
(૭) ગળથૂંથીમાં મળવું
(૮) બે પાંદડે થવું

(બ) સમાસનો વિગ્રહ કરી ઓળખાવો : (કોઈ પણ ચાર) (૦૮)

(૧) નવદ્વીપ
(૨) હાથરૂમાલ
(૩) આદિમ જાતિ
(૪) રીતરિવાજ
(૫) આવ જા
(૬) પંચવર્ષીય
(૭) ધીમેધીમે
(૮) પુણ્યભૂમિ

૫ (અ) નીચેનામાંથી કોઈ પણ સાત વાકયમાં વિરામ – ચિહ્નો મૂકો : (૦૭)

(૧) પહેલો પ્રશ્ન તને મળ્યો ખરો મહેશે પૂછ્યું
(૨) મા–બાપ જે હોય તે તેમણે મને બાળપણથી છોડી દીધો.
(૩) કોઈએ લોભ કરવો નહિ લોભ પાપનું મૂળ છે.
(૪) તમે તો ના પાડશો ખરું ને
(૫) તે કુમાર અનેપરબ વાંચે છે
(૬) પન્નાલાલ પટેલની માનવીની ભવાઈ તમે વાંચી છે
(૭) અને તો એક જ ધંધો બાકી છે ચોરી કરીને લખવાનો
(૮) શ્યામલી બોલી હું પરીક્ષામાં ચોક્કસ પાસ થઈશ
(૯) તું કેટલો સુકાય ગયો છે ઓળખાતોય નથી
(૧૦) હવે એક બીજો મોટો પ્રશ્ન લઈએ

(બ) નીચે આપેલી કહેવતોના અર્થ આપો : (કોઈ પણ સાત) (૦૭)

(૧) કાગડા બધે જ કાળા.
(૨) કાણાને કાણું ના કહેવાય.
(૩) ખાખરાની ખિસકોલી આંબાનો સ્વાદ શું જાણે ?
(૪) કહેવું સાસુને અને સાંભળવવું વહુને,

(૫) જેના હાથમાં તેના મોંમાં.

(૬) જે ગામ જવું નહિ તેનો રસ્તો શીદ પૂછવો ?

(૭) અણી ચૂકયો સો વર્ષ જીવે.

(૮) કમાડ કરતાં આગરિયા ભારે.

(૯) ગરીબની વહુને સહુ ભાભી કહે

(૧૦) ખાળે ડૂચા ને દરવાજા મોકળા.